મહત્તમ : ૩૬.૦ ડીગ્રી
લઘુતમ : ૧૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૮ ટકા ● સાંજે ૭૦ ટકા

ગાંધીનગર તાપમાન

ચિલોડા-મહુન્દ્રા માર્ગ પર અચાનક કાર સળગી

સીઆરપીએફ કેમ્પમાંથી માતા-પુત્ર વતન જવા નીકળ્યા ત્યારે રસ્તામાં અચાનક દુર્ઘટના સર્જાઈ : કારચાલક પુત્ર બંને હાથે દાઝી જતા હોસ્પિટલમાં દાખલ

ગાંધીનગર, તા.૩

ચિલોડા નજીક સ્થિત સી.આર.પી.એફ. કેમ્પમાં રહેતા માતા-પુત્ર આજે બપોરના અરસામાં પોતાની કાર લઈને વતન તરફ જઈ રહ્યા હતા ત્યારે ચિલોડા-મહુન્દ્રા માર્ગ પર ચાલુ કારે અચાનક કાર સળગી ઉઠતા બંનેના જીવ પડીકે બંધાઈ ગયા હતા. પ્રાપ્ત વિગતો નુસાર સમયસૂચકતા દાખવીને કારને બ્રેક લગાવી બંને માતા પુત્ર ઉતરી ગયા હતા પરંતુ પુત્ર તે દરમિયાન દાઝી ગયો હતો બંને હાથે દાઝી ગયેલા પુત્રને ગાંધીનગર સે-૨૩ ખાતેના દવાખાનામાં સારવાર અર્થે લઈ જવાયો હતો. સદભાગ્યે આ ઘટનામાં કોઈજાનહાની થવા પામી નથી.

સી.આર.પી.એફ. કેમ્પમાં બ્લોક નં. ૩૬૨/૨ ખાતે રહેતા હિતેશભાઈ મોહનભાઈ મેસરીયા આજે બપોરે તેમની માતા ચેતનાબેનને લઈને પોતાની કાર ઝેન અસ્ટીલો નં. જીજે ૧ એચ.આર. ૪૦૪૮ લઈને વતન મહેસાણાના અંબાસણા જવા નીકળ્યા હતા. ચિલોડા સર્કલ ઓળંગ્યા બાદ મહુન્દ્રા રોડ તરફ કાર પહોંચી ત્યારે ચાલુ કારે અચાનક ધુમાડા નિકળવા લાગ્યા અને સ્પાર્ક સાથે આગ લાગી ગઈ હતી. સળગતી કાર રોકીને માતા-પુત્ર બંને સમયસુચકતા દાખવીને બહાર નિકળી જતા જાનહાની ટળી હતી. માતા ચેતનાબેનને સદભાગ્યે કોઈ ખરોચ પણ આવી ન હતી પરંતુ કાર ચાલક પુત્ર બંને હાથે દાઝી જતા સે-૨૩ના ખાનગી દવાખાનામાં સારવાર અર્થે લઈ જવામાં આવ્યા હતા. ચિલોડા પોલિસે આ બનાવ અંગે જાણવા જોગ લઈને તપાસ કરી છે તો બીજી તરફ ઘટના અંગે જાણ થતા ગાંધીનગર ફાયરબ્રિગેડની ટીમ સ્થળ પર પહોંચી ગઈ હતી અને આગ કાબુમાં લઈ લીધી હતી.

@ગાંધીનગર

● અખિલ ગુજરાત ચારણ ગઢવી સમાજ ટ્રસ્ટ દ્વારા સમાજનું સ્નેહમિલન સાંજે ૪.૦૦ કલાકે ડૉ. આંબેડકર હોલ, સેકટર-૧૨ ખાતે યોજાશે.

● શ્રી પ્રેરણા પ્રગતિ મંડળ દ્વારા શ્રી લિમ્બચ માતાજીના મંદિર ખાતે સવારે ૧૧.૩૦ કલાકે અન્નકુટ અને આરતી કરાશે સાથે તેજસ્વી વિદ્યાર્થીઓનો ઈનામ વિતરણ કાર્યક્રમ અને સાંજે ૬.૦૦ કલાકે ૨૫૦૦ દિવા પ્રગટાવી રોશની સાથે મહાઆરતી યોજાશે.

● ગુરુદ્વારા સે-૩૦ ખાતે ગુરુનાનક જયંતિ નિમિત્તે સવારે ૧૦ થી ૧ અને સાંજે ૭ થી ૧૨.૩૦ કલાક સુધી વિવિધ ધાર્મિક કાર્યક્રમ યોજાશે. ઉપરાંત વિના મૂલ્યે આંખ અને ડાયાબીટીશ માટે નિદાન કેમ્પ સવારે ૧૦ થી ૧૨ કલાક દરમિયાન યોજાશે.

● દેવ દિવાળી નિમિત્તે ઘ-૨ સર્કલ ખાતે મહેન્દ્રકાકા સોડાવાળા તરફથી સવારે ૧૧ થી ૮ કલાક દરમિયાન ૫૦૦૦થી વધુ નિઃશુલ્ક સોડા પીવડાવાશે.

● દેવ દિવાળી નિમિત્તે સે-૨૨ પંચદેવ મંદિર ખાતે બપોરે ૩ થી ૫ કલાક દરમિયાન તુલસી વિવાહ યોજાશે.

જન્મદિને વધામણી

દિનેશસિંહ ચાવડા
અગ્રણી ઉદ્યોગપતિ
મો. : ૯૮૨૪૦૬૫૦૬૬

અદીતિ દક્ષેન ત્રિવેદી
કા. સભ્ય, શ્રી સમસ્ત બ્રહ્મસમાજ યુવા પરિવાર અને ટેટુ માસ્ટર
ફોન : ૨૩૨ ૮૯૭૧૯

પ્રતિભાબેન કનુભાઈ દવે
પૂર્વ પ્રમુખ, શ્રી સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ
મો. ૯૪૨૮૭ ૩૬૯૬૫

જશવંતરાય કે ઠાકર
નિવૃત્ત કર્મચારી, સરકારી પ્રેસ
ફોન : ૨૩૨ ૨૬૭૦૨

ગીરીશ આઈ વરીઆ
મો. ૯૩૭૫૯ ૭૯૭૮૩

જય મનીષકુમાર પટેલ
ધનસુરા

ગાંધીનગરથી 'સારેગામા' ઓડિસન્સનો પ્રારંભ

રાયસણ સ્થિત સ્મિત મ્યુઝિક ખાતે ઓડિશન્સ યોજાયા ગાંધીનગરના ૮૦ જેટલા નવોદિત કલાકારોએ ભાગ લીધો

ગાંધીનગર, તા.૩

ગાંધીનગરમાં વિવિધ કળા ક્ષેત્રે પદાર્પણ કરતા કલાકારો હવે રાષ્ટ્રીય કક્ષાએ પણ ઓળખ બનાવી રહ્યા છે. હાલ શહેરમાં સંગીત ક્ષેત્રે પ્રતિભાઓ નીખરતી જોવા મળી રહી છે. આજ કારણથી સારેગામા ગુજરાતના ઓપન ગુજરાત સિંગિગ કોમ્પિટિશનના ઓડિશનનો પ્રારંભ ગાંધીનગરથી આજે કરાયો છે. શહેરના રાયસણ વિસ્તાર સ્થિત સ્મિત મ્યુઝિક ખાતે આ ઓડિશન યોજાયા હતા. જેમાં શહેરના ૮૦ જેટલા નવોદિત કલાકારોએ ઉત્સાહથી ભાગ લીધો હતો.

ઓપન ગુજરાત સિંગિગ કોમ્પટિશન માટે યોજાયેલા ઓડિશનમાં સ્મિત મ્યુઝિકના ભરત ગજ્જર, સારેગામા ગુજરાતના ચિરાગ શાહ, જીઈ કલબ તથા બ્લ્યુ બબ્લસ એકેડેમીના કશ્યપ નિમાવત વગેરે ઉપસ્થિત રહ્યા હતા. જયારે ઓડિશન્સમાં સંજય મોદી અને જયોતિબેન ગજ્જરે નિર્ણાયક તરીકે સેવાઓ આપી હતી. આ પ્રકારના ઓડિશન્સ રાજકોટ, ભાવનગર, વડોદરા, સુરત અને ગાંધીધામ ખાતે પણ યોજાશે. ગાંધીનગરમાં હવે આગામી રાઉન્ડ તા. ૧૯મી નવેમ્બરે યોજાશે. સારેગામા ગુજરાત સિંગિંગ કોમ્પિટિશનથી રાજયના નવોદિત કલાકારોને તક મળશે.

ચ-માર્ગ પર બેફામ જતી બાઈકની અડફેટે નિવૃત્ત અધિકારીનું મૃત્યુ

મોડી સાંજે સાયકલીંગ કરવા નીકળેલા નિવૃત્ત અધિકારીને બીએસએનએલ ઓફીસ સામે ચ-રોડ ઉપર બાઈકચાલકે ટકકર મારી હતી

ગાંધીનગર, તા.૩

શહેરના સેકટર-૨ ખાતે રહેતા અને સચિવાલયમાંથી સેકશન ઓફીસર પદેથી નિવૃત્ત થયેલા ડી.બી. દેસાઈ ગઈ મોડી સાંજે ચ માર્ગ પર સાયકલ લઈને નીકળ્યા હતા ત્યારે ચ માર્ગ પરથી બેફામ ગતિએ આવતા બાઈક ચાલક યુવાને તેમની સાયકલને અડફેટે લઈ લેતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ માર્ગ અકસ્માતમાં નિવૃત્ત એસ.ઓ. ફંગોળાઈને પટકાતા સ્થળ પર જ કરૂણ મૃત્યુ નિપજયું હતું. જયારે સી.બી. ઝેડ બાઈકના ચાલકને બેભાન હાલતમાં અમદાવાદ સિવિલ હોસ્પિટલ દાખલ કરવામાં આવ્યો છે. સેકટર-૭ પોલિસે બાઈક ચાલક સામે ગુનો દાખલ કરીને વધુ તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ સેકટર-૨-સી પ્લોટ નં. ૯૫૭/૨ ખાતે રહેતા ૬૬ વર્ષીય ધીરજભાઈ ભગવાનભાઈ દેસાઈ સચિવાલયમાંથી સેકશન ઓફીસર પદેથી નિવૃત્ત થયેલા હતા. ગઈ મોડી સાંજે ધિરજભાઈ દેસાઈ તેમની સાયકલ પર ચ માર્ગે સાયકલીંગ કરવા નીકળ્યા હતા. તે દરમિયાન અખબાર ભવન નજીક બીએસએનએલ ઓફીસની સામે સે-૧૧ ચ માર્ગ ઉપર તેમની સાયકલને પાછળથી બેફામ આવી રહેલા જીજે ૧૮ જીજે ૫૭૦૪ નંબરના સી.બી. ઝેડ બાઈકના ચાલકે જબરદસ્ત ટકકર મારી હતી. બાઈકની ટકકરથી સાયકલ સાથે ધિરજભાઈ ફંગોળાઈને પટકાતા સ્થળ ઉપર જ તેમનું પ્રાણ પંખેરું ઉડી ગયું હતું તો બીજી તરફ બાઈકચાલક યુવાન પણ સ્લીપ ખાઈને ગંભીર રીતે ઘાયલ થતા બેભાન હાલતમાં અમદાવાદની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. સેકટર-૭ પોલિસ મથકના પીએસઆઈ એસ.ટી. ચૌધરીએ મૃતદેહ પી.એમ. કરાવી મૃતકના દિકરા વિક્રમભાઈની ફરિયાદ આધારે બાઈક ચાલક સામે ગુનો દાખલ કરીને ગુનાની તટસ્થ તપાસ શરુ કરી છે.

લાયોનેસ કલબ ઓફ ગાંધીનગરનું સેકટર-૧૯ જીમખાના ખાતે નૂતન વર્ષ નિમિત્તે સ્નેહ સંમેલન યોજાયું હતું. જેમાં બધા સભ્યોએ એક બીજાને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી. આ કાર્યક્રમમાં મીનાક્ષીબેન જયસિંઘાની, સેક્રેટરી નીતાબેન રાણા, એરીયા ચેરમેન ચંદાબેન યાદવ, કલબ કો. ઓર્ડિનેટર મમતાબેન રાવલ અને મોટી સંખ્યામાં પૂર્વ પ્રમુખશ્રીઓ, લાયોનેસ સભ્યો હાજર રહ્યા હતા.

શહેરના વિવિધ સેકટરના આંતરિક માર્ગનું નવીનીકરણ ચાલી રહ્યું છે ત્યારે સે-૧૨ ઉમિયા માતાજી મંદિર પાસે બની રહેલા માર્ગની ચકાસણી કરવા વોર્ડના સ્થાનિક કોર્પોરેટર દોડી આવ્યા હતા અને માર્ગ યોગ્ય બનાવવા જરુરી સુચના આપી હતી.

ઘ-૧ થી ગ-૧ તરફ જવાના માર્ગ પર અંધારપટ

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેરના ઘ-૧ થી ગ-૧ તરફ જવાના માર્ગ પર છેલ્લા બે-ત્રણ દિવસથી અંધારપટ્ટ છવાયેલ રહે છે. મુખ્યમાર્ગની લાઈટો ડુલ હોવાથી વસાહતીઓ ત્યાંથી પસાર થતા પણ ડર અનુભવી રહ્યા છે. દિવાળીના દિવસોમાં મુખ્ય માર્ગની લાઈટો તેમજ સેકટરની આંતરીક માર્ગની લાઈટો પણ બંધ હોવાથી વસાહતીઓને ચોરીનો ભય સતાવી રહ્યો છે.

ગાંધીનગર શહેરમાં કેટલાક સમયથી લાઈટો બંધ રહેવાની ફરિયાદો ઉઠવા પામી હતી. ત્યારબાદ તંત્ર દ્વારા રીપેરીંગ કામ હાથ ધરાતા લાઈટો બંધ થવાની સમસ્યાથી વસાહતીઓને રાહત મળી હતી. પરંતુ દિવાળીના દિવસોમાં શહેરના મુખ્ય ઘ-૧ થી ગ-૧ તરફ જતા માર્ગ પરની તેમજ આસપાસ આવેલ સે-૩ બી તેમજ સે-૩ ન્યુમાં કેટલાક ભાગની માર્ગ પરની લાઈટો બંધ હાલતમાં છે. છેલ્લા બે ત્રણ દિવસથી લાઈટો ખામી સર્જાતા બંધ હોય તેવું લાગી રહ્યું છે. તહેવારના દિવસોમાં આ માર્ગ પર વસાહતીઓની આવનજાવન વધી જાય છે. જયારે સાંજે પણ જમ્યા બાદ કેટલાક વસાહતીઓ ચાલવા માટે નીકળે છે. પરંતુ અંધકાર હોવાથી અન્ય માર્ગ પર ચાલવાનું વસાહતીઓ પસંદ કરે છે.જયારે ઘર આગળ પણ સેકટરની લાઈટો બંધ રહેતા વસાહતીઓને ચોરીનો ભય સતાવી રહ્યો છે. અત્યારના સમયે મહિલાઓને ઘરની બહાર નીકળવુ પણ મુશ્કેલીરુપ લાગી રહ્યું છે. ત્યારે સેકટરની તેમજ ગ-૧ થી ઘ-૧ તરફની લાઈટો સત્વરે શરુ થાય તેમ વસાહતીઓ ઈચ્છી રહ્યા છે.

સરકારી નોકરીમાંથી નિવૃત્ત થતા કર્મચારીએ સચિવાલયને આપી ડોલ-ટબ્લરની ભેટ....!

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર રાજયનું પાટનગર હોવાને નાતે અસંખ્ય સરકારી કાર્યાલયો ધરાવતું નગર છે અને જેના કારણે અહીં સરકારી નોકરીમાંથી નિવૃત્ત થઈ રહેલા કર્મચારીઓના વિદાય સમારંભ યોજાવાની ઘટના પણ વારંવાર સર્જાતી હોય છે. જો કે આરોગ્ય વિભાગમાં કાર્યરત એક કર્મચારી નિવૃત્ત થઈ વિદાય લેતા અન્ય કર્મચારીઓ માટે એક પ્રેરક ઉદાહરણ પરું પાડતા ગયા હતા. આ કર્મચારીએ જુના સચિવાલયના તમામ વીસે વીસ બ્લોકના દરેક ટોયલેટસમાં નવી ડોલ અને ટબ્લર પોતાના ખર્ચે મુકવાનું નક્કી કર્યું છે જેના પ્રતિકરૂપે તેમણે બ્લોક નં. ૧ના તમામ ૬ ટોયલેટસમાં ડોલ-ટબ્લર મુકયા હતા જયારે બાકીના બ્લોકસમાં પણ આજ રીતે ડોલ-ટબ્લર મુકવામાં આવશે.

સરકારના આરોગ્ય વિભાગ આયુષ અંતર્ગત ભારતીય તબીબી અને હોમિયોપેથી કચેરીમાંથી વર્ગ-૩ના ટ્રેસર એટલે કે રેખનકારના હોદ્દા પરથી નિવૃત્ત થઈ રહેલા

નરેન્દ્રકુમાર ડાહ્યાલાલ રાવલનો આજે વિદાય સમારંભ ડૉ. જીવરાજ મહેતા ભવનમાં બ્લોક નં. ૧ ખાતે આવેલી કચેરીમાં યોજાયો હતો. આ સમારંભમાં કચેરી નિયામક ડૉ. દિનેશ પંડયા સહિત, મદદનીશ નિયામક, નાયબ નિયામક તેમજ તમામ સહકર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે નરેન્દ્ર રાવલને શાલ ઓઢાડી, સ્મૃતિ ચિહ્ન અર્પણ કરી મિઠાઈ-શ્રીફળ દ્વારા તેમનું સન્માન કર્યું હતું તથા નિવૃત્ત જીવન માટે શુભેચ્છાઓ પાઠવી હતી. આ સન્માનના પ્રતક રૂપે નરેન્દ્ર રાવલે પણ તમામ સહ કર્મચારીઓને રિટર્ન ગીફટ આપી હતી. આ સાથે તેમણે જુના સચિવાલયના તમામ બ્લોકમાં મોટા ભાગના ટોયલેટસમાં ડોલ-ટબ્લરની સુવિધા ના હોવાથી કર્મચારીઓને પડતી અગવડને ધ્યાને રાખી તેમના તરફથી ડોલ-ટબ્લરની ભેટ આપવાનો નિર્ધાર જાહેર કર્યો હતો. આ નિર્ધારના પ્રતિકરૂપે તેમણે બ્લોક નં. ૧ના તમામ ટોયલેટસમાં નવી ડોલ અને નવા ટબ્લર મુકયા હતા.

આ અંગે નરેન્દ્ર રાવલનું કહેવું છે કે મોટા ભાગના સરકારી ટોયલેટસમાં ડોલ-ટબ્લરની સગવડનો અભાવ હોવા સાથે નળમાંથી પાણી લીકેજની સમસ્યા પણ જોવા મળે છે જેના કારણે ટોયલેટસનો ઉપયોગ કરવામાં કર્મચારીને અગવડ પડે છે. ડોલ-ટબ્લરના કારણે આ ઉપયોગમાં સરળતા રહેશે, પાણીનો બચાવ પણ થશે અને સ્વચ્છતા જળવાતા સ્વચ્છતા અભિયાનને વેગ મળશે.

આમ નરેન્દ્ર રાવલે નિવૃત્ત થતા થતા તમામ કર્મચારીઓ માટે એક જરૂરી સગવડનું ધ્યાન રાખી તેનું નિરાકરણ કરવાનો પ્રયાસ કરી પ્રેરક ઉદાહરણ પુરું પાડયું છે.

લગ્નગીતોના પુસ્તકનું લગ્ન સમારંભમાં મંગલમય વિમોચન

ગાંધીનગર, તા.૩

ગાંધીનગરના જાણીતા ડૉ. નીતાબેન શેખાતે વિસરાતા જતા લગ્નગીતોના એક પુસ્તક 'પહેલું પહેલું મંગળિયુ વરતાય રે...'નું સંપાદન કર્યું છે. આ પુસ્તકમાં ૨૦૫ લગ્નગીતોનો સમાવેશ થયો છે.

મજાની વાત એ છે કે ડૉ. કાંતિલાલ શેખાત અને ડૉ. નીતાબેન શેખાતના

સુપુત્ર ડૉ. પાર્થના લગ્ન ડૉ. આયુષી સથે થઈ રહ્યા છે તે લગ્ન પ્રસંગે જ આ લગ્નગીતોના પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ પુસ્તકનું વિમોચન ગાંધીનગર સાહિત્યસભાના ઉપાધ્યક્ષ અને જાણીતા લેખક સંજય થોરાતના હસ્તે કરવામાં આવ્યું હતું. પુસ્તક વિમોચનના આ પ્રસંગે વર અને કન્યાને પણ સ્ટેજ પર હાજર રાખવામાં આવ્યા હતા.

દોલત ભટ્ટે લગ્નગીતોને જીવંત રાખવાના અને પ્રસંગે ગવડાવવાના આ શ્રેષ્ઠ પ્રયાસને બીરદાવ્યો હતો. લગ્નગીતોની વિરાસત ધરાવતા આ પુસ્તકને વિના મૂલ્યે માત્ર લગ્નપ્રસંગે ભેટ આપવાના શ્રેષ્ઠ ઉદ્દેશ્યથી ડૉ. નીતાબેન શેખાતે સંપાદીત કર્યું છે.

બી.સી.એ. કોલેજ ખાતે ઓપન ઈગ્નાઈટ વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા.૩

કડી સર્વ વિદ્યાલય સંલગ્ન ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીસ (બીસીએ) અને ટાટા કન્સલ્ટેંસી સર્વિસિસ (ટીસીએસ)ના સંયુક્ત ઉપક્રમે ઓપન ઈગ્નાઈટ ફેઝ રનો વર્કશોપ - એક ટ્રેનિંગ પ્રોગ્રામ યોજવામાં આવેલ હતો. ઓપન ઈગ્નાઈટ એ ટીસીએસ દ્વારા બનાવેલ પોર્ટલ છે જેની મદદથી નોકરી માટે ફ્રેશ ગ્રેજ્યુએટને પ્રાથમિક ધોરણે પસંદ કરવામાં આવે છે અને પછી ઈન્ટરવ્યુ લઈ, ત્યારબાદની કાર્યવાહી કરી નોકરી આપવામાં આવે છે. આ ટ્રેનિંગનો મુખ્ય હેતુ મોટા પ્રમાણમાં વિદ્યાર્થીઓ તેમાં ભાગ લઈ ટીસીએસ જેવી મલ્ટીનેશનલ કંપનીમાં નોકરી મેળવી પોતાનું ભાવિ ઉજ્જવળ બનાવે તેવો હતો.

આ વર્કશોપમાં ટીસીએસ ઓપન ઈગ્નાઈટ બાબતે સંપૂર્ણ માહિતી, જાગૃતિ અને તેના રજિસ્ટ્રેશન વિષેની વિગતવાર માહિતી આપવામાં આવી હતી, વધુમાં આ પોર્ટલ પર આપવામાં આવતી જુદી-જુદી ટેક્નિકલ ચેલેંજિસમાં સફળ થવા માટે ડેમોન્સ્ટ્રેશન આપી સમજાવવામાં આવ્યું હતું. ટેક્નિકલ ચેલેંજિસમાં સફળ થયેલ ઉમેદવાર માટેની ઈન્ટરવ્યુ પ્રોસેસ તથા આ ઈન્ટરવ્યુ પ્રોસેસમાં કઈ રીતે સફળ થઈ શકાય તેની પણ સંપૂર્ણ સમજ ખૂબજ સરળ ભાષામાં ઊંડાણપૂર્વક આપવામાં આવી હતી. આ વર્કશોપમાં ટીસીએસ તરફથી અંકિતા દેસાઈ, નિરાલી મકવાણા અને શ્યામ સોનીએ પોતાની સેવાઓ આપી હતી.

આ સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના ડાયરેક્ટર ડો. સંજય એમ. શાહના માર્ગદર્શન હેઠળ પ્લેસમેન્ટ ટીમના સભ્યો ડો. રિચા મેહતા, ડો. નિધિ દિવેચા, પ્રો. પ્રિયંકા શાહ, પ્રો. કેતન સાળુંકે અને પ્રો. જિગ્નેશ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

ચિરવિદાય

- સ્વ. રાઠોડ પપ્પુજી શિવાજી, ઉ.વ. ૮૩
- સ્વ. શાહ લીલાબેન રસિકલાલ, ઉ.વ. ૭૨
- સ્વ. ડાભી શાંતાબેન લક્ષ્મણસિંહ, ઉ.વ. ૭૪
- સ્વ. નંદકુંવરબા ખુમાનસિંહ વાઘેલા, ઉ.વ. ૮૫
- સ્વ. લક્ષ્મણજી છગુજી રાઠોડ, ઉ.વ. ૭૫
- સ્વ. ઠાકોર જીવતબેન બહેચરજી, ઉ.વ. ૭૦